# કલમ– ૪(૧)ખ(૧)
# સંસ્થાના વ્યવસ્થા તંત્ર, કાર્યો, ફરજોની વિગતો :

- સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ જંકશન પરના ટ્રાફીકનું વહન સરળતાથી થાય, સુરત શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોનો વિકાસ ઝડપથી થાય તે ધ્યાને લઈ, તાપી નદી પર બ્રીજ, ખાડી ઉપર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ તથા અંડર બ્રીજ તેમજ ફલાય ઓવર બ્રીજ બાંધવાની કામગીરી કરવામાં આવે છે.
- ઉકત જણાવેલ કામોના પ્રોજેકટ માટે સક્ષમ સત્તાની મંજુરી મળ્યેથી ટ્રાફીક સર્વે, ટોપોગ્રાફીકલ સર્વે, સોઈલ ઈન્વેસ્ટીગેશન, ડીઝાઈન કન્સલટન્ટ, પ્રુફ ચેકીંગ કન્સલટન્ટ, પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્સીની નિમણુંક કરવી તેમજ તેઓ પાસે પ્રોજેકટ રીપોર્ટ, ફીઝીબીલીટી રીપોર્ટની કામગીરી કરાવવી.
- ઉકત જણાવેલ કામોના પ્રોજેકટ માટે સક્ષમ સત્તાની મંજુરી મેળવી મંજુર થયેલ અંદાજ મુજબ, મહાનગરપાલિકાનાં પ્રવર્તમાન નિતી નિયમો મુજબ, ટેન્ડર મંગાવવા તેમજ નિયુકત થયેલ ઈજારદારને વર્કઓર્ડર આપવો તેમજ ટેન્ડરની શરતો મુજબ સ્થળ પર કામગીરી કરાવવી.
- સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ હયાત નદી ઉપરનાં બ્રીજ , ખાડી બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ, અંડર પાસ બ્રીજ તથા ફલાય ઓવર બ્રીજની વખતો વખતની જરૂરીયાત અન્વયે મરામત અને નિભાવની કામગીરી કરાવવામાં આવે છે.

ડેપ્યુટી ઈજનેર(બ્રીજ)
અને
જાહેર માહિતી અધિકારી
સુરત મહાનગરપાલિકા